# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા એડેપ્ટિવ ટ્રાયલ અંતર્ગત ક્ષેત્રિય દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફથી ફાળવેલ એડેપ્ટિવ ટ્રાયલ અંતર્ગત ડાંગરની નવી જાત મહીસાગરના નિદર્શન અન્વયે તા.૧૨.૦૯.૨૦૧૮ ના રોજ ગાડા ગામ ખાતે ખેડુતના ખેતરે નિદર્શન પ્લોટમાં ક્ષેત્રિય દિન યોજવામાં આવેલ જેમાં આજુબાજુના ડાંગરની ખેતી કરતા ખેડુત ભાઇઓને ડાંગરની મહીસાગર જાતની ખાસીયતો અને ઉત્પાદન વધારવા માટેના ખાસ મુદ્દા પરત્વે કે.વિ.કે.ના વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપેલ જેમાં ડૉ. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા તથા ડૉ. વાય.સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા હાઇબ્રીડ અને પસંદગીની જાતોના તફાવત અને મહીસાગર જાતની ખાસીયતો વિશે માહિતી આપી વધુ ઉત્પાદન મેળવવાની ચાવીઓ પરત્વે ચર્ચા પરામર્શ કરેલ. ત્યારબાદ ડૉ. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા રોગ- જીવત નિયંત્રણ પરત્વે માહિતગાર કર્યા તેમજ ડાંગરમાં આવતા સુકારાના રોગ અને જીવાતના નિયંત્રણ માટે જૈવિક દવાઓનો વપરાશ વધારવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા. ડાંગરની મહીસાગર જાતનું તાદ્રશ્ય નિદર્શન બતાવેલ અને વધુ ઉત્પાદન મેળવવા માટે વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતોને પ્રેરણા પુરી પાડેલ.







